# મગ પાકમાં ફિલ્ડ ડે ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૨૫/૦૫/૨૦૧૮ના રોજ ઝુંસા (તા. સંજેલી) મુકામે નેશનલ ફૂડ સિકયોરીટી મિશન યોજના હેઠળ મગ (ગુજરાત આણંદ મગ-૫) પાકમાં કલસ્ટર પ્રથમ હરોળ નિદર્શન અંતર્ગત "ખેડૂત દિન" ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ઇ/ચા વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવિકે, દાહોદ, ડૉ. એસ. કે. પટેલ, વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી) દ્વારા જૈવિક ખાતર વ્યવસ્થાપન અને કૃષિમાં યાંત્રીકિકરણની ઉપયોગીતા અને તેનું મહત્વ વિશે, પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત)એ મગ પાકમાં મુલ્યવર્ધન વિશે સમજ, પ્રો. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા ખેડૂત દિનનું મહત્વ તથા કઠોળ પાકનુ મહત્વ વિશે અને પ્રો. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન) દ્વારા કઠોળ પાકમાં બીજ ઉત્પાદન તથા મગની જાત ગુજરાત આણંદ મગ-૫ ની શુધ્ધતા જાળવણી અને આજાતનો વધુમાં વધુ સમસ્તરીય પ્રસાર વિશે ખેડૂત ભાઈઓને માહિતગાર કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કુલ ૫૨ ખેડૂત ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.



ડૉ. એસ. કે. પટેલનું ઉદ્દબોધન



પ્રો. એચ. એલ. કાચાનું ઉદ્દબોધન



પ્રો. જી. કે. ભાભોરનું ઉદ્દબોધન



પ્રો. એન. ડી. મકવાણાનું ઉદ્દબોધન



મગ પાકમાં ફિલ્ડ ડે ની ઉજવણીમાં ભાગ લીધેલ ખેડુત ભાઈઓ